Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: એકેડેમિક કાઉન્સિલની સભા :-

## -: કાર્યસૂચિ-૨ :-

તા. : ૧૨/૦૬/૨૦૨૧
વાર : શનિવાર

સમય : બપોરે ૧:૦૦ કલાકે

(૫) એકેડેમિક કાઉન્સિલની તા.૦૩–૦૬–૨૦૨૧ ઠરાવ ક્રમાંક ૨૪માં ઠરાવ્યા મુજબ "હોમસાયન્સ ફેકલ્ટીના બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન ભાનુબેન એચ.પટેલનો તા.૦૧–૦૬–૨૦૨૧ના પત્ર અન્વયે વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીએ કરેલ ભલામણ સ્વીકારવી." જે બાબતે આ કાર્યાલય દ્વારા આ સાથે સામેલ પરિપત્ર પેપર સટરોને પરીપત્રીત કરવા તૈયાર કરેલ છે. પરંતુ ડીનશ્રીએ આપેલ અભિપ્રાયની સ્પષ્ટતા કરતાં સદર પરીપત્ર હાલ ન કાઢવા ડીનશ્રીએ ટેલીફોનિક જણાવેલ છે. અને પરીક્ષકોને તેમણે પેપર સેટર અંગે સુચના આપી દીધેલ છે. એવું તેમણે જણાવેલ છે. જે હાલ પુરતો સ્થગિત રાખીએ કે કેમ? સદર બાબતે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ)**

(૬) **શાહ કે.એમ.લૉ કોલેજ,વલસાડના તા.૦૩/૦૪/૨૦૨૧ના પત્ર થી શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦–૨૧ દરમિયાન સેમેસ્ટર ૪ માં કુલ ૨૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય, જે બધો અભ્યાસ પ્રેકટીકલ હોય જેના માટે પ્રો. ડૉ. નિકેતા ડી. રાવલ (એલએલ.એમ.)પી.જી.ટીચરની માન્યતા ધરાવતા હોય , કોલેજના ઈ.ચા.આચાર્ય ધ્વારા તેઓ અધ્યાપક સહાયક તરીકે તા. ૦૮–૦૭–૨૦૨૧થી કાર્યરત છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૧થી એલએલ.એમ. ભાગ–૧ના પ્રવેશ સ્થગીત કરેલ હોય તે ધ્યાને લેતા ઈ.ચા.આચાર્યશ્રીની વિનંતી મુજબ પ્રો.ડૉ.નિકેતાબેન દિલીપભાઈ રાવલને પ્રોફેસર ઈન–ચાર્જ તરીકેની નિયુકતી કરવા વિચારણા કરવા બાબત.**

**(અનુસ્નાતક વિભાગ)**

(૭) બી.યુ.ટી તા.૨૦/૧૦/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક ૨,૩,૪,૮,૯ અને ૩૦ ના ઠરાવ્યા અનુસાર અનુસ્નાતક અભ્યાસ જે વિષયમાં પાસ કરેલ હોય તે સીવાયના જુદા વિષય (એલાઈડ/અન્ય વિષય)માં પીએચ.ડી. પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓની અરજી બાબતે ભલામણ કરવા કમીટીની રચના કરવામાં આવી હતી. કમીટીની તા.૨૭/૧૧/૨૦૨૦ ના રોજ મળેલ મીટીગમાં આવા વિદ્યાર્થીઓને બ્રીજ કોર્ષ કરાવવા

ભલામણ કરેલ છે. આવા વિદ્યાર્થીઓને બ્રીજ કોર્ષ કરાવી પ્રવેશ આપવા તથા બ્રીજ કોર્ષના માળખા અંગે વિચારણા કરવા બાબત.

**<u>બી.યુ.ટી. તા.૨૦/૧૦/૨૦૨૦ ઠરાવ ક્રમાંક : ૨</u>**

❖ કાર્યસુચિની બાબત ક્રમાંક ૨,૩,૪,૮,૯,૧૦ અને ૩૦ ની સંયુકત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી.સંશોધન અભ્યાસમાં જે તે પ્રવેશના વિષયમાં અરજીકર્તા ઉમેદવારોએ અન્ય વિષયમાં અનુસ્નાતક અભ્યાસ (એલાઈડ/અન્ય વિષય) કરેલ હોય તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવા બાબતે ભલામણ કરવા સારૂ નીચે મુજબ સમિતિની નિયુકતી કરવામાં આવે છે. પીએચ.ડી. પ્રવેશની કાર્યવાહીના ભાગરૂપ ઓનલાઈન ફોર્મ સબમીશન કરવાની કાર્યવાહી કરવામાં આવતી હોય સમય મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવાની સમિતિના સભ્યશ્રીઓને જાણ કરવી.

(૧) ડૉ.રાકેશ દેસાઈ (કન્વિનર)
(૨) તમામ વિધાશાખાના ડીનશ્રી,
(૩) ડૉ. અર્પૂવભાઈ દેસાઈ
(૪) ડૉ. વિપુલભાઈ સોમાણી

**<u>કમીટીની સભા તા.૨૭/૧૧/૨૦૨૦ ની બ્રીજ કોર્ષ અંગેની ભલામણ :</u>**

❖ પ્રોવિઝનલ પ્રવેશની ફાળવણી થયેથી કન્ટેન કોર્ષ અને બ્રીજ કોર્ષની પરીક્ષામાં પાસ થયેથી ફાળવણી કરેલ પ્રોવિઝનલ પ્રવેશ કાયમ કરવામાં આવશે.

**(અનુસ્નાતક વિભાગ)**

**(૮) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.**

**ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૭૬૨૯/૨૦૨૧**
**તા.૧૦/૦૬/૨૦૨૧**

**ઈ.ચા. કુલસચિવ**

**પ્રતિ,**
**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**